# અમે બારણે તોરણ બાંધ્યા આજ

અમે બારણે તોરણ બાંધ્યા આજ, અવસર રૂડો આંગણિયે (૨)

અમે યાત્રા કરવા ગ્યાતા આજ, અવસર રૂડો આંગણિયે (૨)

અમે બારણે તોરણ બાંધ્યા આજ, અવસર રૂડો આંગણિયે (૨)

હે ... હે આદેશ્વરના બેસણા, શત્રુંજય મોઝાર

હે ... નવે ટૂંક જુવારતા, હે પાપ ખપે તત્કાળ

અમે આદેશ્વરને નીરખ્યા આજ, અવસર રૂડો આંગણિયે (૨)

ત્યાં યાત્રા નવ્વાણું કીધી રાજ, અવસર રૂડો આંગણિયે (૨)

અમે બારણે તોરણ બાંધ્યા આજ, અવસર રૂડો આંગણિયે (૨)

હે ... સોરઠ દેશમાં જઈ ચડયા, અને ઉંચો ગઢ ગીરનાર

હે ... શેષાવનમાં વિચર્યા, નમીએ નેમ કુમાર

અમે નેમ પ્રભુને ભેટ્યાં આજ, અવસર રૂડો આંગણિયે (૨)

એ તો પહેલી ટૂંકે બિરાજે રાજ, અવસર રૂડો આંગણિયે (૨)

અમે બારણે તોરણ બાંધ્યા આજ, અવસર રૂડો આંગણિયે (૨)

હે ... આબુ અચલગઢ શોભતાં, વિમળ વસે વસ્તુપાળ

હે ... હે બ્રાહ્મણવાડા નાંદિયા, હે ... નાકોડા મોઝાર

અમે જેસલમેર જઈ આવ્યા રાજ, અવસર રૂડો આંગણિયે (૨)

ત્યાં દેરાસર તો શોભે આઠ, અવસર રૂડો આંગણિયે (૨)

અમે બારણે તોરણ બાંધ્યા આજ, અવસર રૂડો આંગણિયે (૨)

હે ... ભીલડીયાજી ભેટતાં, અને આનંદ આવે અપાર

હે ... વઢિયાર દેશમાં જઈ ચડયા, હે .. શંખેશ્વર મોઝાર

પ્રભુ પાર્શ્વથી પ્રીત બંધાણી આજ, અવસર રૂડો આંગણિયે (૨)

એ તો ભવસાગરથી તારે રાજ, અવસર રૂડો આંગણિયે (૨)

અમે બારણે તોરણ બાંધ્યા આજ, અવસર રૂડો આંગણિયે (૨)

હે ... કચ્છ દેશ કટારીયા, ભદ્રેશ્વર મોઝાર

હે ... ત્રિશલા નંદન ભેટતાં, હે ... આનંદનો નહિ પાર

"માણેક" હીરા મોતીડે વધાવું આજ, અવસર રૂડો આંગણિયે (૨)

મારા વીરની ધૂન મચાવું આજ, અવસર રૂડો આંગણિયે (૨)

અમે બારણે તોરણ બાંધ્યા આજ, અવસર રૂડો આંગણિયે (૨)

અમે યાત્રા કરવા ગ્યાતા આજ, અવસર રૂડો આંગણિયે (૨)

અમે બારણે તોરણ બાંધ્યા આજ, અવસર રૂડો આંગણિયે (૨)

અવસર રૂડો આંગણિયે (૨)

https://www.youtube.com/watch?v=nwpssmdc1nM – 2016-06-08